નાયબ નિયામક (આઈ.ટી.) ને
વિભાગની આઈ.ટી. કમિટીમાં સભ્ય-
સચિવ બનાવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:ITC-૧૦૨૦૧૯-૨૩૯૬૦૫-કો.સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૭/૨૦૨૧

<u>વંચાણે લીધા:-</u>

(૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૪/૭/૨૦૨૦નો પરિપત્ર ક્રમાંક:- ટીએસપી/૨૦૦૪/૮૦૮/ડીએસટી.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.30/0૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-ITC-૧૦૨૦૧૯-૨૩૯૬૦૫-કો.સેલ.

આમુખ:-

ઈન્ફર્મેશન ટેક્નોલોજીના અમલીકરણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં હાલ વંચાણે લીધેલ ક્રમાંક (૨) અન્વયે આઈ.ટી. કમિટીની પુનર્રચના કરવામાં આવેલ. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા તેના તાબાની કચેરીઓ માટે IT/ITES ને લગતા પ્રોજેક્ટ, પ્રોડક્ટ, સોલ્યુશન અને આનુષંગિક સેવાઓ મેળવવા અંગેના નિર્ણય વિભાગની આઈ.ટી. કમિટી દ્વારા કરવામાં આવે છે. તે સમયે વિભાગના CIO તથા ના.સ.શ્રી(કો.સેલ)ને વિભાગની આઈ.ટી. કમિટીમાં સભ્ય સચિવ તરીકેની કામગીરી સોંપવામાં આવેલ હતી. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના પરિપત્રથી દરેક વિભાગની આઈ.ટી. કમિટીમાં નિયુક્ત CIO કે અન્ય અધિકારીને હાલ પૂરતા વિભાગ ઈચ્છે તો સભ્ય તરીકે ચાલુ રાખી શકશે. પરંતુ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ નાયબ નિયામક (આઈ.ટી.), વર્ગ-૧ ના અધિકારીને અચૂક સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરી તે મુજબના આનુષંગિક હુકમો બહાર પાડી તેની નકલ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને મોકલવા બાબતની સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે.

સુધારા ઠરાવ:-

ઉપર આમુખમાં જણાવ્યા મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં રચાયેલી આઈ.ટી. કમિટીમાં આઈ.ટી. ક્ષેત્રના અધિકારી હોવાનું જરૂરી છે. આથી, પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૩૦/૦૮/૨૦૧૯ ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં રચાયેલી આઈ.ટી. કમિટીમાં સભ્ય સચિવ તરીકે નિયુક્ત વિભાગના CIO તથા ના.સ.શ્રી(કો.સેલ)ને આઈ.ટી. કમિટીમાં સભ્ય તરીકે ચાલુ રાખવાનું ઠરાવવામાં આવે છે. તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને ફાળવવામાં આવેલ નાયબ નિયામક (આઈ.ટી.), વર્ગ-૧ ના અધિકારીને વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૩૦/૦૮/૨૦૧૯ ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં રચાયેલી આઈ.ટી. કમિટીમાં સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવે છે.

આથી, વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૩૦/૦૮/૨૦૧૯ ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં રચાયેલી આઈ.ટી. કમિટીમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની આઈ.ટી. કમિટી

| | | |
|---|---|---|
| ૧ | સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ અ.મુ.સ.શ્રી,<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | નાયબ નિયામકશ્રી (આઈ.ટી.),<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય સચિવ |
| ૩ | નાયબ/ સંયુક્ત/ અધિક સચિવશ્રી (આઈ.ટી.),<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૪ | નાયબ/ સંયુક્ત/ અધિક સચિવશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ/ વિકસતી જાતિ કલ્યાણ/ સમાજ સુરક્ષા),<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૫ | નિયામકશ્રી,<br>(અનુસૂચિત જાતિ કલ્યાણ/ વિકસતી જાતિ કલ્યાણ/ સમાજ સુરક્ષા) | સભ્ય |
| ૬ | નાણાં સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.),<br>નાણાં વિભાગ | સભ્ય |
| ૭ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના એક પ્રતિનિધિ | સભ્ય |
| ૮ | ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ (જી.આઈ.એલ.) ના પ્રતિનિધિ | સભ્ય |

આ સિવાય બાકીની તમામ જોગવાઈઓ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૩૦/૦૮/૨૦૧૯ ના ઠરાવ અનુસાર યથાવત રહેશે.

વિભાગની સમાનાંકી ફાઈલ પર અ.મુ.સ.શ્રી (સા.ન્યા.) ની તા.૧૯/૦૭/૨૦૨૧ ની મળેલ અનુમતિ અન્વયે આ ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.કલ્યાણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રી (સા.ન્યા.) ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ, બ્લોક નં.૨, ૨ જો માળ, સી & ડી વીંગ, કર્મયોગી ભવન,સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- સમિતિના અધ્યક્ષશ્રી તથા અન્ય સર્વે સભ્યશ્રીઓ.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- વિભાગના તમામ ખાતાના વડાશ્રીની કચેરીઓ/ બોર્ડ/ કોર્પોરેશન/ આયોગની કચેરીઓ.
- વિભાગની તમામ શાખાઓ.
- સિલેક્ટ ફાઈલ.